## ભુજમાં બીજો ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ સેમિનાર યોજાયો

# ૨૦૫૦ સુધીમાં વૈશ્વિક સ્તરે ભારતની અર્થવ્યવસ્થા સૌથી મોટી બની જશે

ભુજ, શનિવાર

૨૦૫૦ સુધીમાં વૈશ્વિકસ્તરે ભારતની અર્થવ્યવસ્થા સૌથી મોટી બની જાય તેવી ધારણા છે અને તેમાં નવા અને યુવાસ્તરના ઉદ્યોગ સાહસિકોનું યોગદાન વધુ હશે. યુવાનો ઉદ્યમશીલ બને તે માટે પડકારો ઝીલવા સહિતના મુદ્દે ભુજમાં યોજાયેલા બીજા ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ સેમિનારમાં જણાવાયું હતું.

# યુવાનોને ઉદ્યમશીલ બનાવવા ઔદ્યોગિક નીતિઓ અને પડકારો વિશે તજજ્ઞોએ જાગૃતિ આણવા હાકલ કરી

વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૧૯ અંતર્ગત કચ્છ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અને ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા કચ્છના બીજા ઉદ્યોગિક સેમિનારનુ આયોજન કરાયું હતું. જેમાં વક્તાઓએ એમ જણાવ્યું હતું કે, મોટાભાગના વિકસિત અર્થતંત્રોથી વિપરિત ભારત એક યુવા સાહસિક દેશ તરીકે આગળ વધી રહ્યો છે. હાલમાં ૬૩ ટકા યુવા વસતિ આગળ આવી શકે તેમ છે. ખાસ કરીને ૨૫થી ૩૪ વર્ષની વયજૂથના સાહસિકોને વિશેષ તક મળી રહે છે. નવા યુવા સાહસિકોનો દર વધુ હોવા ઉપરાંત પોટેન્શિયાલિટી સારી હોય છે અને તેના કારણે ભારતની અર્થવ્યવસ્થા ઝડપથી વધી રહી છે.



ઉદ્યોગલક્ષી સેમિનારમાં જોડાયેલા સાહસિકો તેમજ માર્ગદર્શન આપતા તજજ્ઞો.

આજના પરિસંવાદમાં ઉદ્યોગભવનના નાયબ કમિશનર ધર્મેશ પરમાર, કોર્પોરેટ સલાહકાર સુનિલ પારેખે પડકારો સામે ઉદ્યમશીલ બનવા માટે યુવાનોને હાકલ કરી હતી. જિલ્લા અને જિલ્લા બહારના ૧૨૦ લોકો સામેલ થયા હતા. ફેડરેશનના એમ. ડી. નિમિષ ફડકેએ વ્યવસ્થા સંભાળી હતી.

Scanned by CamScanner